# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### આણંદ જિલ્લા વન વિભાગની ૫૦ વર્ષ જુની નર્સરી પર અન્ય વ્યક્તિએ દાવો કર્યો

# આણંદ વન વિભાગ ઉંઘતું રહ્યું અને નર્સરીની જમીનનો વહીવટ થઈ ગયો!

**રેકર્ડ દુરસ્તીમાં વન** વિભાગ કાચુ પડતાં અન્ય વ્યક્તિએ લાભ લીધો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

આણંદના મોગર ગામની સીમમાં હાઈવેને અડીને આવેલી કિંમતી જમીન પર વન વિભાગની નર્સરી આવેલી છે. જોકે, 50 વર્ષની આ નર્સરીમાં હાલમાં એક વ્યક્તિએ દાવો કરી ફેન્સીંગ બાંધી દેતાં ભારે હોબાળો થયો હતો. તપાસ કરતાં આ જમીન વન વિભાગના નામે ન હતી અને ત્રાહિત વ્યક્તિના નામે હતી. જે વ્યક્તિએ આ જમીન બારોબાર અન્યને વેચી દીધી હતી. જેના કારણે હાલ આ પ્રશ્ન ઉભો થયો હતો. જોકે, સમગ્ર વિવાદમાં વન વિભાગને ગંધ સુધ્ધા આવી નહતી અને દસ્તાવેજો પણ થઈ ગયાં છે.

આણંદ જિલ્લામાં સરકારી જમીન બારોબાર ખાનગી વ્યક્તિના નામે થવી એ નવી બાબત નથી. જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી સરકારી જમીન પર યેનકેન પ્રકારે મોટા માથા દાવો કરી દેતાં હોય છે. પરંતુ હાલમાં એક વિવાદમાં ખુદ કલેક્ટર પણ ચોંકી ગયાં હતાં. આણંદ જિલ્લા સામાજિક વનિકરણ વિભાગની વર્ષ 1975થી મોગર ગામની સીમમાં સર્વે નં. 76/2 પૈકીની જગ્યા પર ચાલી આવતી નર્સરી પર ખાનગી વ્યક્તિએ દાવો કર્યો હતો. આ વ્યક્તિએ દાવો કરવા ઉપરાંત જગ્યા પર કબજો કરવા ફેન્સીંગ પણ બાંધવાની કામગીરી હાથ ધરી હતી. આ બનાવની જાણ થતાં હાંફળા ફાંફળાં વન અધિકારી સ્થળ પર પહોંચ્યાં હતાં અને પોલીસની દરમિયાનગીરી કરીને કબજો લેવા આવનાર વ્યક્તિને ભગાડી મુક્યો હતો.

જોકે, સમગ્ર મામલાની તપાસ કરતાં વન વિભાગ દ્વારા 1975થી આ જમીન પર નર્સરી ચાલી આવી રહી છે. આ ઉપરાંત વન વિભાગ દ્વારા રેસ્ટ હાઉસ, રૂમ ઉપરાંત જમીન સાચવવા માટે એક પરિવારને પણ જગ્યા આપેલી છે. આમ છતાં ખાનગી વ્યક્તિએ કેવી રીતે દાવો કર્યો ? તે મોટો પ્રશ્નાર્થ સર્જાયો હતો. આ જગ્યા 50 વર્ષથી વન વિભાગની નર્સરી હતી. પરંતુ રેકર્ડ પર ક્યાંય વન વિભાગનું નામ નથી. તેનાથી પણ મોટું આશ્ચર્ય એ વાતનું છે કે, આ સર્વે નં. 76/2 પૈકીની જગ્યા પર છેલ્લા અઢી દાયકામાં અનેક એન્ટ્રી પડી છે, પરંતુ વન વિભાગ કુંભ કર્ણ નિંદ્રામાં જ પોઢ્યું હોય તેમ સાબિત થઈ રહ્યું છે. હાલ આ જમીનને લઈ વિવાદ ઊભો થયો છે.

#### બીજા હક્કમાં વન વિભાગનું નામ ઉમેરાયું

મોગરમાં વન વિભાગની જમીન મામલે કલેક્ટરને વિગત વાર અહેવાલ મોકલવામાં આવ્યો હતો. જેના પગલે તેઓએ તાત્કાલિક પગલાં ભર્યાં હતાં અને ૧૨મી ઓગષ્ટ, ૨૦૨૬ ના રોજ જમીનમાં સરકારના હિતમાં બીજા હક્કમાં મોગરી-નર્સરી (વન વિભાગ) આણંદનુ નામ વપરાશી હક્ક હેઠળ દાખલ કરવા હુકમ કર્યો હતો. આ હુકમ બાદ વન વિભાગ હાલ બીજા હક્કમાં આવ્યું છે.

#### દસ્તાવેજમાં મિલકત વર્ણનનો ફોટો કોનો ?

આણંદમાં દસ્તાવેજ નોંધણી માટે જે તે મિલકતનો ફોટો લેવામાં આવે છે. પરંતુ વન વિભાગની નર્સરીની જગ્યાના દસ્તાવેજ પર કોઇ ભળતો જ ફોટાનો ઉપયોગ થયો હોવાની શંકા ઉપજી છે. કારણ કે વન વિભાગના દાવા મુજબ સ્થળ પર રેસ્ટ હાઉસ સહિત નર્સરીને લગતી અને વસ્તુઓ પડી છે. જે સામાન્ય સંજોગોમાં ફોટા લેતા સમયે સ્પષ્ટ થાય કે તે જગ્યા નર્સરીની છે. આમ, દસ્તાવેજ સમયે પણ બોગસ ફોટાનો ઉપયોગ થયો હોવાની શંકા ઉપજી છે.

### ફોઈ બહાર ગયા હોવાની તક ઝડપી યુવક ઘરમાં ઘૂસ્યો

# નડિયાદમાં મૂક-બધિર સગીરા પર પાડોશી યુવકે દુષ્કર્મ ગુજાર્યું

**કાકીને જોઈને** નરાધમ ભાગ્યો, ગણતરીના કલાકોમાં જેલભેગો થયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

નડિયાદ શહેરમાં હૃદય હચમચાવી દે તેવી અત્યંત શરમજનક ઘટના સામે આવી છે, જેમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલી અને બોલી કે સાંભળી ન શકતી ૧૭ વર્ષીય દિવ્યાંગ સગીરાની લાચારીનો ફાયદો ઉઠાવી પાડોશમાં જ રહેતા એક નરાધમે દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે સગીરાના કાકીએ હિંમતપૂર્વક નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપી સામે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેને ગણતરીના કલાકોમાં જ ઝડપી લીધો છે.

નડિયાદ શહેરમાં રહેતી મૂક-બધિર કિશોરીના માથેથી બાળપણમાં જ માતા-પિતાની છત્રછાયા ઊઠી ગઈ હતી. આ દિવ્યાંગ કિશોરી અને તેના ભાઈનો ઉછેર તેની ફોઈ દ્વારા કરવામાં આવી રહ્યો છે. ગત રાત્રિના સમયે સગીરાના ફોઈ કોઈ કારણસર ઘરની બહાર ગયા હતા અને સગીરા ઘરમાં એકલી હતી.

આ પરિસ્થિતિનો લાભ લઈ પાડોશમાં જ રહેતો ૧૮ વર્ષીય ભીખા ઉર્ફે આકાશ સુખાભાઈ વસાવા નામનો યુવક ઘરમાં ઘૂસી ગયો હતો અને કિશોરીની શારીરિક મજબૂરીનો ગેરલાભ લઈ તેની પર અત્યંત પાશવી રીતે દુષ્કર્મ આચર્યું હતું. સગીરા જન્મથી મૂક-બધિર હોવાના કારણે પોતાની સાથે થઈ રહેલા અત્યાચાર સામે કોઈ બૂમાબૂમ કરી શકી નહોતી અને પ્રતિકાર કરવામાં અસમર્થ રહી હતી.

જોકે, રાત્રિના શાંત વાતાવરણમાં ઘરમાંથી કંઈક અસામાન્ય અવાજ આવતા પાડોશમાં જ રહેતા સગીરાના કાકી સતર્ક થઈ દોડી આવ્યા હતા. તેઓએ ઘરમાં પ્રવેશતા જ પાડોશી યુવકને સગીરા સાથે કુકર્મ આચરતા રંગેહાથ પકડી લીધો હતો. જોકે, કાકીને જોઈને ગભરાયેલો આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો.

આ અંગે કાકીએ તુરંત નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેના પગલે પોલીસે ગણતરીના કલાકોમાં જ નાસી છૂટેલા ભીખા ઉર્ફે આકાશ વસાવાને દબોચી લીધો હતો.

# ખેડામાં સગીરા પર દુષ્કર્મ કેસમાં બેને ૨૦ વર્ષની કેદ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

ખેડા જિલ્લાના ધરમપુરા ગામેથી ૧૬ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ દુષ્કર્મ આચરવાના કેસમાં મુખ્ય સગીર આરોપીને આશરો આપી સક્રિય મદદગારી કરનારા બે મદદગારોને નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે કસૂરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી છે.

એક સગીર વયના બાળકે ૨૩મી નવેમ્બર ૨૦૨૪ના રોજ ૧૬ વર્ષની સગીરાનું અપહરણ કર્યું હતું અને વાંકાનેરના દલડી તેમજ પીપળીયારાજ ગામે આવેલી એક ઓરડીમાં ગોંધી રાખીને દુષ્કર્મ ગુજાર્યું હતું. આ ગુનાહિત કાવતરામાં દસ્કોઈના જીતુભાઈ ચંદુભાઈ અને ખેડા માતરના કિશનભાઈ ઉર્ફે ભુરિયોએ સક્રિય મદદગારી કરી હતી. બંને શખસે કાયદાથી બચવા માટે મુખ્ય સગીર આરોપીને દર અઠવાડિયે જગ્યા બદલવાની સૂચના આપી આશરો પૂરો પાડ્યો હતો.

આ અંગે ખેડા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ બાદ, સ્પેશિયલ પોક્સો કેસ નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટના જજની અદાલતમાં ચાલવા પર આવ્યો હતો. અદાલતે બંનેને વિવિધ કલમો હેઠળ દોષિત જાહેર કરી ૨૦ વર્ષની સખત કેદ અને કુલ રૂ. ૭૦ હજારનો દંડ ફટકાર્યો છે. આ ઉપરાંત કોર્ટે દંડની રકમમાંથી રૂ. ૨૫ હજાર અને સરકારના ઠરાવ મુજબ રૂ. એક લાખ ભોગ બનનાર સગીરાને વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કર્યો છે.

### ચકલાસીના વેપારીઓ અને નાગરિકો દ્વારા કલેક્ટર સમક્ષ ન્યાયની ગુહાર

# ચકલાસીમાં એટ્રોસિટી એક્ટના દુરુપયોગની વ્યાપક ફરિયાદો ઉઠી

**સીસીટીવી અને** કોલ રેકોર્ડિંગની ઝીણવટભરી તપાસ કરવા પીડિતોની માંગ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

ખેડા જિલ્લાના ચકલાસી અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં એટ્રોસિટી એક્ટના કાયદાનો દુરુપયોગ કરીને નિર્દોષ નાગરિકોને હેરાન કરવામાં આવતા હોવાની ગંભીર ઘટનાઓ સામે આવી છે. સ્થાનિક વેપારીઓ, હોટલ સંચાલકો,



વાણંદ અને નાગરિકોએ ભેગા મળીને જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ અધીક્ષક અને સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટરને વિગતવાર આવેદનપત્ર સોંપીને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.

આ રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે અંગત કે નાણાકીય વિવાદોને જાતિ આધારિત અત્યાચારનું રૂપ આપીને નિર્દોષો સામે ખોટી ફરિયાદો નોંધાવવામાં આવે છે અને ત્યારબાદ સમાધાનના નામે નાણાં પડાવવાનું ષડયંત્ર ચલાવવામાં આવે છે.

આ અંગે પંકજભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, માત્ર મૂળા લેવા બાબતે થયેલી નજીવી બોલાચાલીમાં તેમની સામે ખોટો કેસ કરી સમાધાન પેટે રૂ. ૧ લાખની માંગણી કરાઈ હતી. આ જ રીતે રિક્ષાચાલક જેન્તીભાઈને સામાન્ય તકરાર બાદ ખોટા કેસમાં ફસાવી રૂ. ૧૦,૦૦૦ની માંગણી કરાઈ હતી.

આશરે ૨૦ જેટલા વેપારીઓ અને નાગરિકોની સહી ધરાવતા આ આવેદનપત્રમાં સ્પષ્ટતા કરાઈ છે કે આ રજૂઆત કોઈ ચોક્કસ જ્ઞાતિ કે સમુદાય વિરુદ્ધ નથી. પરંતુ લોકોની માંગ છે કે ખોટા કેસ કરીને બ્લેકમેલ કરતા તત્ત્વો સામે કડક કાર્યવાહી થાય અને છેલ્લા કેટલાક વર્ષોના કેસોના રેકોર્ડ, સીસીટીવી ફૂટેજ, મોબાઈલ રેકોર્ડિંગ અને બેંક ટ્રાન્ઝેક્શનની યોગ્ય ચકાસણી કરવામાં આવે જેથી નિર્દોષ સામાજિક બદનામીથી બચે અને વાસ્તવિક પીડિતને ન્યાય મળે.

# રેલવેમાં નોકરીના બહાને પાંચ લાખની ઠગાઈમાં બે પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૫

પશ્ચિમ રેલવે વિભાગમાં સરકારી નોકરી અપાવવાની લાલચ આપી બેરોજગાર યુવક-યુવતીઓ પાસેથી લાખો રૂપિયા પડાવતી એક શાતિર ઠગ જોડીને આણંદ સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધી છે.

ઉમરેઠ તાલુકાના પણસોરાના ધવલકુમાર પટેલની ફરિયાદ મુજબ, તુષાર યોગેશભાઈ પુરોહિત (વડોદરા) અને સુલોચનાબેન પટેલે (ચકલાસી) તેમની પત્નીને રેલવે કોર્ટમાં ક્લાર્કની નોકરી અપાવવાનો ભરોસો આપ્યો હતો. બાદમાં ચકલાસીમાં સુલોચનાબેનના ઘરે નકલી લેખિત પરીક્ષા અને બાદ નડિયાદ ખાતે પ્રેક્ટિકલ પરીક્ષાનું નાટક રચ્યું હતું. જે પેટે ૫૫ હજાર ઓનલાઈન તથા રોકડા પડાવી લીધા હતા. બાદમાં ઉમેદવારોને અમદાવાદ સોલા હાઈકોર્ટ નજીક લઈ જઈ, રેલવે કોર્ટના બોગસ સિક્કાવાળા બનાવટી આઈ-કાર્ડ અને ટ્રેનિંગ લેટર આપ્યા હતા. જોકે, ઉમેદવારોને શંકા જતાં સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો.

સાયબર ક્રાઈમ પોલીસે બંનેની ધરપકડ કરી પૂછપરછ કરતાં અન્ય યુવાનો પાસેથી પણ નાણાં પડાવી કુલ ૫.૦૭ લાખની છેતરપિંડી આચરી હોવાની કબૂલાત કરી છે. મુખ્ય આરોપી તુષાર સામે વડોદરા અને નડિયાદમાં પણ અગાઉ છેતરપિંડીના ગુના નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે.

### નડિયાદમાં સંસ્કૃત સપ્તાહ નિમિત્તે ભવ્ય ગૌરવ યાત્રા નિકળી




ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે નડિયાદ ખાતે સંસ્કૃત સપ્તાહની ભવ્ય શરૂઆત કરવામાં આવી છે. ખેડા કલેક્ટર એન. વી. ઉપાધ્યાય અને વિવિધ મંદિરોના સંતોની પ્રેરક ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવેલી 'સંસ્કૃત ગૌરવ યાત્રા'માં વિદ્યાર્થીઓએ વેદ અને પ્રાચીન ગ્રંથોના આકર્ષક ટેબ્લો રજૂ કર્યા હતા. સંતરામ હાઈસ્કૂલથી શરૂ થયેલી આ યાત્રામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા, જ્યારે પ્રારંભમાં ઋષિકુમારો દ્વારા શંખનાદ અને મંત્રોચ્ચાર સાથે યજ્ઞ સંપન્ન કરાયો હતો. આ અવસરે બોર્ડની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૧૦૦ ટકા પરિણામ મેળવનારા ૧૬ તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી વિશેષ રૂપે સન્માનિત કરાયા હતા.

# સંતરામપુરમાં ચાર તરુણ શ્રમિકોને મુક્ત કરાયાં

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૫

મહીસાગર જિલ્લામાં બાળ તેમજ તરુણ મજૂરીની બદીને જડમૂળથી નાબૂદ કરવાના ઉદ્દેશ્ય સાથે જિલ્લા ટાસ્ક ફોર્સની ટીમ દ્વારા સંતરામપુર બજાર વિસ્તારના વેપારી એકમો પર આકસ્મિક દરોડા પાડવામાં આવ્યા હતા. આ સઘન તપાસ દરમિયાન વિવિધ પેઢીઓમાંથી ૪ તરુણ શ્રમિકોને મુક્ત કરાવી, નિયમભંગ કરનાર સંસ્થાઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મહીસાગર કલેક્ટર અર્પિત સાગર દ્વારા નિયુક્ત કરવામાં આવેલી 'જિલ્લા ટાસ્ક ફોર્સ'ની ટીમ દ્વારા સરકારી શ્રમ અધિકારી પી. કે. બારીઆની રાહબરી હેઠળ ગત ૨૧મી ઓગસ્ટના રોજ સંતરામપુર બજાર વિસ્તારમાં વિવિધ વેપારી એકમો પર આકસ્મિક દરોડાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ સઘન તપાસ દરમિયાન સંતરામપુરના કોલેજ રોડ, ગોધરા ભાગોળ ખાતે આવેલી 'કલા ઉત્સવ' પેઢીમાંથી ૩ (ત્રણ) અને સંતરામપુર ખાતેની અન્ય એક પેઢી 'રાજ સર્વિસ'માંથી ૧ (એક) મળી કુલ ૪ તરુણ શ્રમિકોને મુક્ત કરાવવામાં આવ્યા હતા. નિયમોનો ભંગ કરી તરુણો પાસે મજૂરી કરાવવા બદલ આ બંને પેઢીઓ વિરુદ્ધ કાયદેસરની તપાસનોંધ પસાર કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરાઈ છે.

### કપડવંજ-કઠલાલના ધારાસભ્ય ને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરાઈ

# કેન્દ્રના ધોરણે પેન્શન આપવા નિવૃત્ત કર્મ. મહામંડળની માંગ

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૫

રાજ્યના નિવૃત્ત કર્મચારીઓને કેન્દ્ર સરકારના ધોરણે પેન્શન અને ફેમિલી પેન્શન ચૂકવવાની માંગણી સાથે 'ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી સખાવતી મહામંડળ' સક્રિય બન્યું છે. મહામંડળના હોદ્દેદારોએ રાજ્યના તમામ પ્રધાનો, સાંસદો અને ધારાસભ્યોને રજૂઆતો હાથ ધરી છે, જેના ભાગરૂપે કપડવંજ-કઠલાલના ધારાસભ્ય રાજેશ ઝાલાને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું છે. કર્મચારી સંગઠને ચેતવણી આપી છે કે પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આંદોલન કરવામાં આવશે.

ગુજરાત રાજ્યના નિવૃત્ત કર્મચારીઓને કેન્દ્ર સરકારના સમાન ધોરણે પેન્શન આપવા માટે નિવૃત્ત કર્મચારી સખાવતી મહામંડળ દ્વારા રાજ્યવ્યાપી રજૂઆતો શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત સંસ્થાના હોદ્દેદારો અને સ્થાનિક નિવૃત્ત કર્મચારીઓના પ્રતિનિધિમંડળે કપડવંજ-કઠલાલના ધારાસભ્ય રાજેશ ઝાલાની તેમના કાર્યાલય ખાતે રૂબરૂ મુલાકાત લીધી હતી અને રજૂઆત કરતું આવેદનપત્ર સોંપ્યું હતું. આવેદનપત્ર સ્વીકારીને ધારાસભ્ય રાજેશ ઝાલાએ આ ગંભીર બાબતે યોગ્ય સ્તરે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

આ અંગે મહામંડળના પ્રમુખ ચંદુલાલ જોશી, મંત્રી ચંદ્રસિંહ ઝાલા અને અધ્યક્ષ નિર્મળસિંહ રાણાએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, નિવૃત્ત કર્મચારીઓના પેન્શન તેમજ ફેમિલી પેન્શન પર નભતા આશ્રિત પરિવારોને કેન્દ્રના ધોરણે જ કુટુંબ પેન્શન મળવું જોઈએ. જો નિવૃત્ત કર્મચારીઓની આ વાજબી માંગણીઓનો સમયસર ઉકેલ લાવવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

# સાઠંબામાં બે સગ્ગી બહેનો પર સાસરિયાંનો અસહ્ય ત્રાસ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૫

સાસરીમાં સુખી સંસાર વસાવવાના અરમાનો સાથે આવેલી બે સગી બહેનો પર દહેજના લોભી સાસરિયાઓએ ત્રાસ ગુજારી ઘરમાંથી કાઢી મૂકી હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે.

મૂળ કેવડીયા (બાલાસિનોર) ની રંજનબેન સોલંકી અને તેમની બહેનના લગ્ન વર્ષ ૨૦૧૪માં દેરોલી (સાઠંબા) ગામના બે સગા ભાઈઓ સાથે થયા હતા. આ લગ્નના થોડા સમય બાદથી જ સાસરિયાઓએ કામકાજ બાબતે અને પિયરમાંથી ૧૦ લાખનું દહેજ લાવવા માટે દબાણ કરી મારઝૂડ શરૂ કરી હતી. આ દરમિયાન નાની બહેનને દીકરીનો જન્મ થતાં "અમારે દીકરો જોઈતો હતો" તેમ કહી પ્રતાડના વધારી દેવાઈ હતી.

આ દરમિયાન રંજનબેનના પતિને સરકારી શાળામાં શિક્ષકની નોકરી મળતાં તેનો મિજાજ બદલાયો હતો. તેણે 'મારે હવે નોકરીવાળી પત્ની લાવવી છે' તેમ કહી ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. આ ગંભીર વિવાદ અંગે સામાજિક આગેવાનો અને સરપંચ મારફતે સમાધાનના અનેક પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં સાસરિયાઓ સુધર્યા નહોતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આખરે અસહ્ય ત્રાસથી કંટાળીને બંને બહેનોએ ન્યાય મેળવવા કાયદાનો આશરો લીધો છે, જેના આધારે મહિલા પોલીસે ગુનો નોંધ્યો હતો.

### સ્થાનિક પોલીસ ઊંઘતી રહી અને સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટો

# વસોમાં ખેતરમાં ધમધમતા જુગારના અડ્ડુ પર ૧૧ શખસ રંગેહાથ ઝડપાયા

**ગાંધીનગરની ટીમે રૂ.** ૨.૮૬ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૫

વસો તાલુકાના રામોલ ગામની સીમમાં ચાલતા એક મોટા જુગારના અડ્ડા પર સ્ટેટ મોનિટરિંગ સેલે મોડી રાત્રે ઓચિંતો દરોડો પાડીને ૧૧ શખ્સોને રંગેહાથ પત્તા રમતા ઝડપી લીધા છે. ગાંધીનગરની ટીમે સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને કરેલી આ સફળ કામગીરીમાં કુલ રૂ. ૨,૮૬,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જ્યારે દરોડા દરમિયાન ૪ મુખ્ય સંચાલકો અંધારાનો લાભ લઈ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

સ્ટેટ મોનિટરિંગ સેલને ચોક્કસ બાતમી મળી હતી કે વસો પોલીસ મથકની હદમાં આવતા રામોલ ગામની સીમમાં સંજય ચીમન પટેલના ખેતરમાં મોટા પાયે જુગારધામ ધમધમી રહ્યું છે. બાતમીના આધારે ગાંધીનગરની ટીમે સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને મોડી રાત્રે ખેતરમાં બનેલા તબેલા પાસે ઓચિંતો દરોડો પાડ્યો હતો. લાઈટના અજવાળે ખુલ્લામાં પત્તા ટીપી રહેલા જુગારીઓમાં પોલીસને જોતા જ નાસભાગ મચી ગઈ હતી.

પોલીસે સ્થળ પરથી ખેતર માલિક સંજય પટેલ સહિત ખંભાત, આણંદ, ઓડ અને માતર પંથકના કુલ ૧૧ જુગારીઓને ઝડપી લીધા હતા. પકડાયેલા જુગારીઓની અંગજડતી અને દાવ પરથી કુલ રૂ. ૧,૨૫,૩૫૦ની રોકડ રકમ મળી આવી હતી. આ ઉપરાંત પોલીસે ૮ મોબાઈલ ફોન અને એક એક્ટિવા સ્કૂટર મળીને કુલ રૂ. ૨,૮૬,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ દરોડા દરમિયાન જુગારધામના મુખ્ય સંચાલકો અલ્પેશ મફત સોલંકી, અજીત કાળુ મહિડા, ઈકબાલ અને અમિત પટેલ અંધારાનો લાભ લઈને ખેતરોમાં નાસી છૂટ્યા હતા. એસએમસી ટીમે વસો પોલીસ મથકમાં તમામ ૧૫ સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઓચિંતા દરોડાને પગલે જિલ્લાના ભ્રષ્ટ પોલીસ કર્મીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# નિવૃત્ત ASIના મકાનમાંથી ૭.૪૦ લાખની મતા ચોરાઈ

**તસ્કરો ૩૧ તોલા સોનું** અને ૩ કિલો ચાંદી લઈ ફરાર થયાં

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૫

બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામે હાઈસ્કૂલ પાસે રહેતા નિવૃત્ત આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર પ્રતાપસિંહ કાભસિંહ ચૌહાણના બંધ મકાનનું તાળું તોડી તસ્કરો આશરે ૭.૪૦ લાખની કિંમતના સોના અને ચાંદીના ઘરેણાં ચોરીને પલાયન થઈ જતાં પંથકમાં ચકચાર મચી ગઈ છે.

પોલીસ ખાતામાંથી વર્ષ ૨૦૨૧માં નિવૃત્ત થયેલા પ્રતાપસિંહ ચૌહાણના પૌત્ર બીમાર હોવાથી તેમના પત્ની મધુકાન્તાબેન અમદાવાદ દીકરાના ઘરે ગયા હતા. બાદમાં દીકરીના સીમંતનું મુહૂર્ત કઢાવવાનું હોવાથી પ્રતાપસિંહ પણ ગત ૧૯મી ઓગસ્ટના રોજ મકાનને લોક મારી અમદાવાદ ગયા હતા. ગત ૨૪મી ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે જ્યારે તેઓ પરત ફર્યા, ત્યારે ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું. તેમણે ઘરમાં તપાસ કરતાં સરકારી પેટી અને અનાજના પીપડામાં છુપાવી રાખેલા કિંમતી ઘરેણાં ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું. ચોરી થયેલા મુદ્દામાલમાં કુલ ૩૧ તોલા સોના અને ૩ કિલો ચાંદીના ઘરેણાંનો સમાવેશ થાય છે. આ અંગે બાલાસિનોર પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.